






મંત્રી હોય કે સચિવ સૌને રોજ ભરી છે સલામ,
અદના નાગરિક તરીકે સૌને ભરી છે સલામ
ભરી છે સલામ સાંપ્રત સમાજની ઘટનાઓને -
ન રાગ ન દ્વેષ નિખાલસ હૃદયે ભરી છે સલામ!

સોળ વર્ષની,
થઇ ગઇ સુંદરી -
॥ સુપ્રભાતમ્ ॥

છું હું આભારી,
પ્રેમ - પ્રોત્સાહનનો
॥ સુપ્રભાતમ્ ॥




## ચિંતન

**ઇહ લોકે હિ ધનિનાં પરોઅપિ સ્વજનાપતે ।**
**સ્વજનો અપિ દરિદ્રાણાં તત્ક્ષણાદ્ દુર્જનાયતે ॥**

'આ દુન્યવી-મર્ત્યલોક-સ્વાર્થ સંસારમાં જો કોઇ 'શ્રીમંત' હોય તો દૂર-દૂરના સંબંધીઓ પણ શ્રીમંત સાથે પોતાનાં 'નજીક'નો સંબંધ છે એણ પારકાં પણ સ્વજન થઇ જાય છે, જયારે નિર્ધન ગરીબ હોય એવાં જનોનાં નજીકનાં સંબંધીઓ પણ જાણે કોઇ ઓળખાણ નથી એમ અજાણ્યા-દુર્જન થઇ જાય છે.'

લોકોને સ્વાર્થ હોય ત્યારે જ સંબંધો યાદ આવે છે. કોઇને સત્તા-પદ મળે ત્યારે તરત પોતાનો દૂર-દૂરનો સંબંધ-ઓળખાણ-પરિચય હોય તે 'તાજો' કરવા રૂબરૂ મળી એ પરિચયની યાદ આપી પોતાનો સંબંધ 'નજીકતા' પ્રસ્થાપિત કરે છે. અને એમની વાતના રણકામાં પણ એ 'ગૌરવ' રણકાય છે. દા.ત. 'ફલાણા પ્રધાનશ્રી તો અમારા સંબંધી છે' અમે ધનિકના દૂર દૂરના સંબંધીઓ પણ નજીકના સ્વજન થઇ જાય છે.

પણ કોઇ આપત્તિ-મુશ્કેલીમાં કોઇ અચાનક નિર્ધન થઇ જાય-ખોટા જાય - ગરીબ થઇ જાય ત્યારે તેમના નજીકના પારિવારિક કે સંબંધી-પરિચિતો પણ તેમનાથી છેડો ફાડી નાખે અને જાણે ઓળખતાં જ નથી એવો વર્તાવ કરે છે જાણે એમને 'મદદ' કરવી પડશે કે 'આશ્રય' આપવા પડશે એવો ભય લાગે છે.

## સુવિચાર

- પોતાના સંકલ્પ, સિધ્ધાંત અને ભાવનાઓને શરણે રહેનારી વ્યક્તિ કયારેય નેતા થઇ શકે નહીં **- સ્વેટ માર્ડન**
- તર્ક અને તાત્કાલિક નિર્ણય એ નેતાના ગુણ છે **- ટેસીટસ**
- જો નેત્રહીનોનું નેતૃત્વ કરનાર પણ નેત્રહીન જ હોય તો બધા કુવામાં જ પડે છે- **બાઇબલ**
- જે સમગ્ર રાષ્ટ્રને પ્રેરણા આપી શકે અને પ્રજાને સત્કાર્યો કરવા પ્રેરી શકે એ જ મહાન નેતાના ગુણ છે **- પં. નેહરૂ**
- પોતાના સહાયકોની મૂર્ખતા, પોતાના અનુયાયીઓનો વિશ્વાસઘાત, માનવજાતની કૃતઘ્નતા, અને જનતાના દુર્ગુણોની કદાપિ ફરિયાદ કરતો નથી તે નેતા થવાને યોગ્ય છે **- તિલક મહારાજ**
- જયાં સામાન્ય વ્યક્તિ પણ પોતાના વિચાર નિર્ભય રીતે વ્યક્ત કરી શકે એવું નેતૃત્વ સાર્થક કહેવાય **- ગોડબોલે**
- પ્રત્યેક પ્રજાજનને પોતાની શક્તિ-વિચાર-કળાનું સ્વતંત્ર રીતે વ્યક્ત કરવાની ભૂમિકા સર્જી શકે તે નેતા **- એસ. ભટ્ટાચાર્ય**

## બોધ કથા

આજના રાજા-મહારાજા એટલે પ્રધાનો-સચિવો પરિશ્રમમાં તો સમજતા જ નથી. રસ્તામાં પોતાની ગાડી બગડે તો ગમે તેની 'જપ્ત' કરીને રવાના થઇ જાય! અને કોઇની મદદ મળી જાય તો ઇ તો જાણે પોતાનો 'હક્ક' સમજી આભાર તો કયાંથી માને?

ઓસ્ટ્રીયા-હંગેરીનો રાજા જોસેફ હતો. એકવાર પોતાની ઘોડાગાડી લઇ રાત્રે નગરચર્યા જોવા નિકળ્યો. રસ્તામાં કોઇ ગામની પાદર પાસે, ઘોડાગાડીનાં પૈડાંનો લોખંડનો પાટો ઉતરી ગયો. હવે ગાડી ચલાવે તો આરા છૂટા પડી જાય પૈડું તૂટી જાય.

રાજા જોસેફે પૈડું-પાટો કાઢી દૂર દેખાતી એક દીવાની જયોત તરફ ગયો. પાદરમાં બેઠેલાઓને 'કોઢ'ની પૃછા કરી. ગામમાં એક લૂહાર ખાટલે પડયો હતો.

જોસેફે પાટો ચઢાવી આપવા વિનંતી કરી. લોહાર કહે, મારા મજૂર ચાલ્યા ગયા છે હું પાટો ચઢાવી દઉં - પણ ધમણ ફૂંકનાર કોઇ નથી!

જોસેફ કહે તમને વાંધો ન હોય તો હું ધમણ ફૂકું!

લુહાર ઉઠયો, જોસેફે ધમણ ફૂંકી. હથોડા મારતા દરમિયાન પૈડું પણ મજબૂત પકડવામાં, હથોડા મારવામાં મદદ કરી.

જોસેફે પૈસા પૂછ્યાં, લુહાર કહે - છ સાઉં આપો. જોસેફે છ સિક્કા આપ્યા, અને રવાના થયા.

લુહારે દીવાના અજવાળે જોયું, છ સોનામહોર હતી. ખેડૂત દોડયો અને જોસેફને કહ્યું, તમે સાંઉને બદલે સોનામહોર આપી દીધી છે. જોસેફે લુહારની પ્રમાણિકતા બિરદાવી અને બીજી દિવસે રાજધાનીમાં આવવાનું નિમંત્રણ આપ્યું.

# સુપ્રભાતમે નગરના નગરજનોની સવારમાં સોનેરી રંગો પૂર્યાં છે...

### ● નિયમિતતા, ચોકસાઇ, વૈવિધ્ય તથા વિષયની યોગ્ય પસંદગીને કારણે આ કોલમ સ્વાભાવિક રીતે જ ખૂબ લોકભોગ્ય બની છે




ગાંધીનગર સમાચારમાં નિયમિત રીતે પ્રસિધ્ધ થતી દૈનિક કૉલમ ''સુપ્રભાતમ્'' ૧૭માં વર્ષમાં પદાર્પણ કરે છે, તે જાણીને ખૂબ જ આનંદ થયો. નિયમિતતા, ચોકસાઇ, વૈવિધ્ય તથા વિષયની યોગ્ય પસંદગીને કારણે આ કૉલમ સ્વાભાવિક રીતે જ ખૂબ લોકભોગ્ય બની છે. આ પ્રકારના વિષય વસ્તુવાળી કોઇ કટાર આટલી દીર્ઘજીવી ભાગ્યે જ બની શકે. આપણા અમૂલ્ય સાહિત્ય ખજાનામાંથી વિવિધતાપૂર્ણ તથા સુશોભિત મોતી વીણી લાવીને આપે આ નગરના નગરજનોની સવારમાં સોનેરી રંગો પૂર્યાં છે.

ગાંધીનગર સમચાર તથા શ્રી સુરેશભાઇ ભટ્ટને, બંનેને હાર્દિક અભિનંદન પાઠવીન આપનું આ યજ્ઞકાર્ય લાંબા સમય સુધી પ્રજ્વલિત રહે તેવી શુભેચ્છા પાઠવું છું.

**- વી. એસ. ગઢવી**
**અગ્રસચિવ, મહેસૂલ વિભાગ, ગાંધીનગર**

### ● સુરેશભાઇની સાહિત્ય સરિતા ખળ ખળ વહેતી રહે...

પાટનગરના પ્રથમ દૈનિકે 'ગાંધીનગર સમાચાર'માં સુરેશભાઇ ભટ્ટની ચાલતી દૈનિક કૉલમ સોળ વર્ષ પુરા કરી સત્તરમાં વર્ષમાં પ્રવેશ



કરે છે ત્યારે પ્રકાશિત થઇ ગયેલા અને થઇ રહેલા સાહિત્યની સુવાસની અનુભૂતિ થતી રહી છે. તેમના ટૂંકા છતાં માર્મિક સર્જનમાંથી નૈતિક ગુણોનો વિકાસ થાય તેમજ શમન, દમન, નિજી દોષોનું નિરીક્ષણ કરવાની વૃત્તિ કેળવાય તેવો સંદેશો પ્રાપ્ત થતો રહે છે.

પરિણામે માણસની વૃત્તિ સેવા, સંયમ, શ્રધ્ધાને આત્મોન્નિતી તરફ વળે સમત્વની ભાવના સદાય જાગૃત રહે પરિણામે માનવ ધર્મ મહોરીને મહેંકી ઉઠે એવો ઉદ્દેશ ઉભરતો રહે છે. તેમની આ સાહિત્ય સરિતા ખળ ખળ વહેતી રહે તેનો નિનાદ આપણને સંભળાવતી રહે એવી શુભેચ્છા.

**- દોલત ભટ્ટ,**
**પ્રમુખ, ગાંધીનગર સાહિત્ય સભા, ગાંધીનગર**

### ● સુપ્રભાતમ્ : કયારેય પૂનરાવર્તન નહીં...

સાત્વિકતા, સાલસતા અને સૌમ્યતાની ઓળખ છે. આપની કૉલમ 'સુપ્રભાતમ્.' સુવિચારોના ગઠનની સૌથી કપરી કામગીરી આ કૉલમ દ્વારા આપ કહી રહ્યા છો; એમ કહેવું



સ્હેજ પણ અતિશયોક્તિભર્યું નથી.


વિષાદ અને ગ્લાની વચ્ચે સતત ઘેરાતું મન બોધકથા વાંચીને પ્રસન્ન થાય છે તો સાંપ્રત ઘટના અંગે ચોટદાર વ્યંગ સાથેની અસરકારક રજૂઆત એટલે સલામી સવારની. સુભાષિત - ચિંતન પણ અદ્ભૂત! આપની વિશેષતા એ રહી છે કે, આટલા વર્ષોમાં એક પણ સુભાષિત - ચિંતન, બોધકથા કે સુવિચાર સુધ્ધાં પૂનરાવર્તિત થયા નથી. આપને અને ગાંધીનગર સમાચારને ખૂબ ખૂબ અભિનંદન...

**- નિશિત વ્યાસ, મહામંત્રી, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ.**

### ● સુરેશભાઇ ભટ્ટને ક્રોડ ક્રોડ અભિનંદન...

કચ્છની ધીંગી ધરાના ધીંગા માડુ, પાંડો માડુ એટલે... શ્રી સુરેશભાઇ ભટ્ટ... નિવૃત્ત શિક્ષણાધિકારીએ નિવૃત્તિને મોજ-મજા, જલસા કરવામાં કે હરવા-ફરવામાં ગાળવાને બદલે મા શારદાની સતત-અવિરત સાધના-આરાધનાનો મારગ અપનાવીને વિદ્યા ઉપાસનાના માટેનું પોતાનું 'બ્રહ્મકર્મ' સ્વીકાર્યું...

છેલ્લા સોળ વર્ષથી તેમણે ગાંધીનગરના અસંખ્ય - અગણિત વાચકો-ભાવકો અને ચાહકોમાં પોતાનું એક આગવું - અનોખું સ્થાન પ્રાપ્ત કર્યું છે. અને પ્રત્યે વાચકના જીવન - પરોઢને અજવાળવાનું, ઉજમાળવાનું, પ્રફુલ્લિત કરવાનું પુનિત કાર્ય કર્યું છે તેમ કહેવા - લખવામાં મને લગીરે અતિશયોક્તિ નથી લાગતી... શ્રી સુરેશભાઇ ભટ્ટની 'સુપ્રભાતમ્' કૉલમ વાંચવાનું ગાંધીનગરાઓને અને નિષ્પક્ષ તેમજ તાટસ્થ્યપર્ણ વ્યંગાત્મક હાઇકુ અને મુક્તકો વાચકો અને સંબંધકર્તાઓને દિલોદિમાગમાં સોંસરવા ઊતરી જાય છે... સાહિત્યના અગાધ મહેરામણથી અંજલિ રૂપે જે વિચાર મૌહિતકો, સુભાષિતો અને સુવિચારોની શબદ સરવાણીથી ગાંધીનગરના આબાલ-વુધ્ધ, નવયુવાનોને જીવન-ઘડતરના, સંસ્કારના પ્રેરણાપિયૂષનું જાણે કે અણમોલ અમૃતપાન કરાવે છે...!



ગાંધીનગર સમાચારમાં ૨૬મી નવેમ્બર, ૨૦૧૨નાં રોજ તેમની લોકપ્રિય કટાર 'સુપ્રભાતમ્' ૧૭માં વર્ષમાં પ્રવેશે છે તે ગૌરવભર્યા આનંદ અવસરે હું મારા હૃદયનો ભરપૂર રાજીપો અને અંતઃકરણના ક્રોડ ક્રોડ અભિનંદન પાઠવું છું. શ્રી સુરેશભાઇ ભટ્ટની આ કૉલમ તેમની ''સિલ્વર જ્યુબીલી'' પણ ઉજવે એ જ આજના દિને મારી દિલી ખ્વાહિશ અને શુભકામના...

**- ભરત કવિ,**
**ઉપપ્રમુખ : ગાંધીનગર સાહિત્યસભા, પ્રમુખ : ગાંધીનગર જિલ્લા તંત્રી પરિષદ**

### ॥ સુપ્રભાતમ્ ॥

આમ જોવા જઇએ તો આજે આ અખબાર માટે, આ નગર માટે અને એક કટાર લેખક માટે ઐતિહાસિક દિવસ છે. આજે; તારીખ ૨૬મી નવેમ્બરે આપણા અખબારની લેખક શ્રી સુરેશ પ્રા. ભટ્ટની લોકપ્રિય દૈનિક કૉલમ 'સુપ્રભાતમ્' ૧૬ વર્ષ પૂરાં કરે છે. કોઈ પણ દૈનિકમાં, સતત-સળંગ ૧૬ વર્ષ નિયમિત દૈનિક કૉલમ લખવી એ જ સ્વયં એક સિધ્ધિ છે. નિયમિત-સાતત્યપૂર્ણ અને છતાં સત્વશીલ અને તટસ્થ કૉલમ 'સુપ્રભાતમ્' અને તેના લેખક શ્રી સુરેશભાઇ ભટ્ટ માટે 'ગાંધીનગર સમાચાર' ને ગૌરવ સાથે આદર છે.

'સુપ્રભાતમ્' ની 'સલામી' અને હાઇકુમાં રાજકીય વ્યંગ હોવા છતાં તેઓ સતત તટસ્થતા જાળવી શક્યા છે. બોધકથા અને ચિંતનની મૌલિકતા પણ હૃદયસ્પર્શી રહી છે. સુવિચારોનો પ્રતિદિન નવો રસથાળ સદ્‌વિચારની પ્રેરણા આપતો રહ્યો છે. ગાંધીનગરના અગ્રણીઓ, રાજકીત નેતાઓ, વરિષ્ઠ અધિકારીઓ અને સાહિત્યકારોના પ્રતિનિધિ સ્વરૂપ પ્રતિષ્ઠિત આગેવાનોએ પણ આ પ્રસંગે પોતાના પ્રત્યાઘાતો - પ્રતિભાવો પાઠવ્યા છે; જે આપણી બધાની લાગણીને પુષ્ટિ આપે છે... કેટલાક પ્રતિભાવો - પ્રત્યાઘાતો અહીં રજૂ કર્યા છે... ફરી એક વખત શ્રી સુરેશભાઈ પ્રા. ભટ્ટને ખૂબ ખૂબ અભિનંદન અને 'સુપ્રભાતમ્' કૉલમની આ સફર આમ જ અવિરત, સતત ચાલતી જ રહે એ માટે હૃદયપૂર્વ શુભકામનાઓ.

**- કૃષ્ણકાન્ત જહા, મેનેજિંગ તંત્રી, ગાંધીનગર સમાચાર**

### ● 'સુપ્રભાતમ્' વાચકોમાં અનિવાર્ય બની ચૂકી છે

ગાંધીનગર સમાચારની દૈનિક કૉલમ 'સુપ્રભાતમ્' એટલે ગાંધીનગરાઓની પ્રત્યેક સવારનું પહેલું 'જયશ્રી કૃષ્ણ'. 'સુપ્રભાતમ્' અને ગાંધીનગર સમાચાર વર્ષોથી એકબીજાના પર્યાય બની ચૂક્યાં છે. કેટલીક કૉલમો શરૂ થઈ; આકર્ષણ જમાવ્યું અને લુપ્ત થઇ ગઇ પણ 'સુપ્રભાતમ્' નિયમિત રીતે તમામ વર્ગને વાંચવા ગમે તેવાં મોતી પીરસી રહ્યું છે.



'સલામી સવારની' અને 'હાઇકું' દ્વારા સમાચાર બની ચૂકેલી નાની નાની ઘટનાઓ, રાજકીય બનાવોનો નોંધ પ્રશસ્તિ. કટાક્ષ કે હળવી ટકોરરૂપે લેવડાવવામાં આવે છે તો ચિંતન જેવા ભારેખમ વિષયને સરળ સમજુતી અને દૃષ્ટાંત સાથે પીરસવામાં આવે છે, સુવિચારનો સંગ્રહ અભિનંદનીય છે, જયારે બોધકથા સહુથી આકર્ષક અને પ્રભાવક ખંડ રહ્યો છે. સાંપ્રત સમાજને, સમાજના પ્રશ્નો - પડકારોને આવરી લઈને વાચકને પોતાની અંદર ડોકિયું કરી પોતાની ખામીઓ શોધવાની ફરજ પડે તે રીતે બોધક દૃષ્ટાંત આપવાની આદરણીય સુરેશભાઈ ભટ્ટ આગવી કુશળતા સરાહનીય છે.

થોડામાં ઘણું કહી જતી આ કૉલમ ગાંધીનગર સમાચારના વાચકોમાં અનિવાર્ય બની ચૂકી છે. ખૂબ જ ઓછા શબ્દોમાં ચોટદાર અને અસરકારક સાહિત્ય નિયમિતરૂપે, વૈવિધ્ય સાથે વાચકો સમક્ષ રજૂ કરી સંસ્કાર ઘડતરની અને નૈતિકમુલ્યો ઉજાગર કરવાની સામાજિક ફરજ અદા કરી રહેલ આદરણીય સુરેશભાઈ ભટ્ટને પ્રણામ. 'સુપ્રભાતમ્' દ્વારા અમૂલ્ય મોતીઓ વાચકો સુધી પહોંચાડવા બદલ ગાંધીનગર સમાચારના અમો વાચકો આભારી છીએ. 'સુપ્રભાતમ્'ના સત્તરમા વર્ષમાં પ્રવેશને અભિનંદન સાથે અવિરત યાત્રા માટે શુભેચ્છા.

**- કીર્તિદા બ્રહ્મભટ્ટ, લેખિકા, સાહિત્યકાર અને વરિષ્ઠ અધિકારી**

### ● 'સુપ્રભાતમ્' વિશેષ ધ્યાન ખેંચે છે

ગાંધીનગર સમાચારમાં પ્રસિધ્ધ થતા આપના કૉલમને ૧૬ વર્ષ પૂરાં થાય છે, એ ૧૭માં વર્ષમાં પ્રવેશે છે, તે પ્રસંગે આપને અભિનંદન અને આપનું કૉલમ વધુને વધુ લોકપ્રિય બને તેવી શુભેચ્છા. ગાંધીનગર સમાચાર ગાંધીનગર શહેર તેમજ જિલ્લાની પ્રજાનું એક ઉત્કૃષ્ઠ દૈનિક છે. આ દૈનિકમાં સવિશેષ ઘણા વિવિધ કૉલમો દૈનિકને રસપ્રદ બનાવે છે અને જીવંત રાખે છે. તેમાં આપનું કૉલમ 'સુપ્રભાતમ્' વિશેષ ધ્યાન ખેંચે છે. તેમાં સવારની સલામી અને હાઇકુ ખરેખર પ્રશંસાને પાત્ર છે.

(અનુસંધાન પાના નં. ૬ પર)

# વાસંતી વાયરે હિલ્લોળા લેતી 'મિલન'ની મોંઘેરી કાવ્ય રચનાઓ..

### શબ્દ સમીપે
**- નટવર હેડાઉ**

ગુજરાતી સાહિત્યમાં જાણીતા સાહિત્યકારો પ્રકાશકો સાથે ચર્ચા દરમ્યાન એવું સાંભળવા મળ્યું છે કે, સાહિત્યના જુદાજુદા પ્રકારોપૈકી સૌથી અઘરો કોઈ સાહિત્ય પ્રકાર હોય તો તે કાવ્ય છે. અને સૌથી ઓછાં જો કોઈ પુસ્તકો વેચાતા હોય તો તે કાવ્યોનાં છે. એવો એક મત છે. પરંતુ, તેની સામે એવું પણ જોવામાં આવી રહ્યું છે કે, ગુજરાતી સાહિત્યમાં સર્જન કરવાનું વિચારનાર સૌથી પહેલાં કાવ્ય સ્વરૂપને પસંદ કરે છે. તેના કારણે દર વર્ષે ખૂબ જ મોટા પ્રમાણમાં કાવ્ય સંગ્રહો પ્રગટ થતા રહે છે. કારણ કે, માનવ તેની લાગણી અને સંવેદનાની અભિવ્યક્તિ મોટાભાગે કાવ્ય દ્વારા સારી રીતે થઈ શકે તેમ માને છે. તેથી જ કદાચ આપણા મહાન ગ્રંથો કાવ્ય સ્વરૂપે જ લખાયેલા છે. બાળકના હાલરડાંથી શરૂ થતું કાવ્ય મરશીયાં સુધી જઈને વિરમે છે. આવા ખ્યાત કાવ્ય પ્રચારમાં સર્જન કરવાનું દરેક સર્જકને ગમે છે.

આજે મારે વાત કરવી છે તે 'વસંતી વાયરા' કાવ્ય સંગ્રહ અંગેની છે. આમ તો કવિનો આ પહેલો કાવ્ય સંગ્રહ છે તેમ તેની પ્રસ્તાવનામાં રમેશ ત્રિવેદીએ જણાવ્યું છે. પરંતુ હું જ્યારથી જાણું છું ત્યારથી એટલે કે, લગભગ ૧૯૯૩થી આ સંગ્રહના કવિ મણિલાલ શ્રીમાળીને એક અદના મિત્ર તરીકે ઓળખું છું. અત્યાર સુધી બાળ કાવ્યો અને જોડકણાંના કવિ તરીકે જાણીતા કવિએ આ એક નવી તરાહનો કાવ્ય સંગ્રહ આપણને આપ્યો છે. તેમાં ગીત, ગઝલ, ગરબા, ભજન, દુહા, હાઈકુ, મુક્તક, કાવ્ય અને અછાંદશ કૃતિઓ એમ મળીને વૈવિધ્ય પૂર્ણ કાવ્ય પ્રકારોમાં તેમણે ખેડાણ કર્યું છે. પ્રકૃતિ કાવ્યોએ કવિનો રસનો વિષય હોય તેમ લાગે છે. જુદી જુદી ઋતુઓને લગતાં ઘણાં બધા કાવ્ય સંગ્રહમાં મળી રહે છે. વાસંતી વાયરા, ફાગણના ફાગ, વીજળી, અષાઢી સાંજે, સંધ્યા ટાણે, દરીયા કિનારે, જેવાં કાવ્યોની સાથે સાથએ પ્રાસંગિક કાવ્યો જેમ કે દિવાળી ધામધૂમ આવી, કેલેન્ડર, નૂતન વર્ષાભિનંદન, નવલું પ્રભાત, દિવે દિવો પ્રગટાવો, જયગાથા ગુજરાતની, ગાંધી માર્ગે, વૃક્ષોની વિનવણી, પશુધનની મહાનતા, શબ્દાંજલી-રાજીવ ગાંધી, દુહા, જય ગાએ જવાહલાલના, જેવાં કાવ્યો ઉપરાંત ધાર્મિક રચનાઓ જેમકે, સમર્પણભાવ, કોની આગળ દુખ ગાવુ, હે! વિભુવર, મનવા... એક દિન ઉડી જવાના, મને કોઈ તો બતાવો શાલિંગ રામને, ભજીલે મનવા ,માનવધર્મ, સંત મહિમા, રાધે શ્યામ, ગરબે રમવું આજ, મા મને રમવા દે, વિગેરે ગણાવી શકાય.




'વાસંતી વાયરા' કાવ્ય સંગ્રહમાંથી પસાર થતાં તેની કેટલીક રચનાઓની ગમતી પંક્તિઓ મુકુ છું. જે કવિના કદ અને કાવ્ય તત્વ તેમજ સત્યને ખુદ ઉજાગર કરે તેવી છે. જેમકે 'યાદ' કાવ્યમાં કવિ કહે છે કે,

કોકિલ કુહુ.. કુહુ.. બોલે,
આમ્ર હું જ્યાં ડોલે... ફાગણ આયો..
પ્રિયા મિલનની યાદ રે લાયો...

તો વિરહની વાત કરતાં કવિ કહે છે કે -

વિચાર વમણનાં વિયોગી વંટોળે,
જોબન કેમ જાણે? આજ ઝંખવાનું,
ઘાયલ ઘટડાની ઉંચી ઘટમાળું,
વિરહની વેદના તો હું 'મિલન' જાણું.

અને દરિયો -મેરામણ જેવી ગઝલનુમા રચનામાં કવિ કેવા ખીલ્યા છે તે જુઓ -

દરિયા જેવા દરિયા ઉપર પરપોટાનું તાળુ,
અગાધ દરિયે મોતીને કાંઠેથી તેમ ભાળું,
ભરતી આવે સુખ સમયમાં, દુખ સમયે ઓટ,
ઘુથવતા ફુંફાડા ભરતો- વિશાળ કાયા મેલે દોટ.

કવિની રચનાઓમાં સાંઈ ધુન, ગરબા, ભજનમાં ગેયતાને કારણે લોક ભોગ્ય થવાની પુરી શકયતા જણાય છે. તો માનવ ધર્મ, સંત મહિમા, મનવા એક દિન ઉડી જવાના જેવી રચનાઓ દ્વારા કવિ આધ્યાત્મને સમજવાની કોશીષ કરતા અને સમજાવતા હોય તેમ લાગે છે.

વાસંતી વાયરો ચોમેર પ્રસરી વસંત,
તન- મન ને લોચનમાં સ્પર્શી વસંત,


એમ કહેતા કવિ મણિલાલ શ્રીમાળી પોતાની કાવ્ય સિદ્ધિ અંગેનો જે આશાવાદ સેવે છે તેને નીચેની પંક્તિઓમાં અનુભવી શકાય છે. તેઓ કહે છે કે -

પરાગ જો અંતરમાં હશે તો,
એ પાંગરીને કદી પુષ્પ ખીલશે,
મનોરથો સ્વપ્ન નહીં હશે તો,
સિદ્ધરૂપી કાર્ય વિશે જન્મશે.


(અનુસંધાન પાના નં. ૩ પર)

### આજના દિવસનો મહિમા
**- ભાનુપ્રસાદ એસ. દવે**

**૨૬મી નવેમ્બર**



● લોકસભા અધ્યક્ષ ગણેશ વાસુદેવ માવલંકરની જન્મજયંતિ દાદા સાહેબ માવલંકર તરીકે જાણીતા. આઝાદી સંગ્રામના મુખ્ય ભૂમિકા ભજવનારા નેતા.



● ભારતની શ્વેતક્રાંતિના જનક વર્ગિસ કુરિયનનો જન્મ ૨૬-૧૧-૧૯૨૧.

અમૂલ બ્રાન્ડ નેઈમ-નેશનલ ડેરી ડેવલોપમેન્ટ આણંદના સ્થાપક. મેગ્સેસે-પદ્મવિભૂષણ એવોર્ડથી નવાજ્યા કૃત્રિમ બીજદાન કેન્દ્રોનો વિચાર અમલી બનાવ્યો.

● ૧૯૪૪ - કસ્તુરબા સ્મારક ટ્રસ્ટનીસ્થાપના.

● ૧૮૮૫ - જગવિખ્યાત વિજ્ઞાનાચાર્ય ડૉ. દેવેન્દ્ર મોહન વસુનો જન્મ.

● ૧૮૯૫ - ખ્યાતનામ શિલ્પકાર રેવાશંકર ઓધડભાઈ સોમપુરનો જન્મ પાલીતાણામાં.

# સુમિત્રાબેનેનો પ્રત્યેક સાસુમાને સંદેશ છે કે સાસુ માં બનતાં શીખે અને વહુ દીકરી બની શકે તો કોર્ટ કચેરીના પગથિયે કદી ચઢવું ન પડે... અને સમાજની કૌટુંબિક સમસ્યાઓ આપોઆપ હળવી બની જાય...

### સંબંધ સજાવે જીંદગી
**- પોપટલાલ પ્રજાપતિ**

આમ તો પરણીને સાસરે આવતી વહુ પોતાની સાસુ પ્રત્યે પૂર્વગ્રહ રાખીને આવતી હોય છે. અને સાસુ પણ વહુ પોતાના દીકરાને છીનવી ન લે તેની સાવધાની સાથે વહુને આવકાર આપે છે. પણ સાસુ એ મા બને અને વહુ દીકરી બનવા પ્રયત્ન કરે તો કૌટુંબિક જીવનના મોટા ભાગના પ્રશ્નો હલ થઇ જાય. બંને વચ્ચે અહમ્ નો ટકરાવ અને પૂર્વગ્રહોની પરંપરા તુટે તો સંસાર મેહંકી ઊઠે. સાસુ-વહુના ઝઘડા એ તો ઘર-ઘરની કહાની છે. દેરાણી-જેઠાણીનું તું તું - મૈં મૈં જૂની પુરાણી વાર્તાઓ છે. પણ આવા કંકાસના કોઇ ઉદાહરણ લેતું નથી. યશોગાન તેમના ગવાય જેમના સંબંધોમાં સ્નેહની સુવાસ ટપકતી હોય... જેમના સંબંધોમાં નિઃસ્વાર્થપણું અને લાગણી છલકતી હોય એવા સંબંધોની જ વરાતા મંડાય... આજે સાસુ-વહુના એવા સંબંધોની વાત કરવી છે જે સંબંધોમાં મીઠાશ છે, લાગણીની ભીનાશ છે.

સવારનો સમય છે, પુત્રવધુ દિનાબેનની તબિયત બગડી છે, પથારીમાં આરામ કરે છે, સાસુમા ઓશિકા પાસે બેસી પુત્રવધુના માથે હાથ ફેરવે છે અને સાચુકલા ભાવથી કહે છે જો બેટા, આજે તારે સંપૂર્ણ આરામ કરવાનો છે, પથારીમાંથી ઊભા થવાનું નથી. ઘરનું કામ હું સંભાળી લઇશ. સાસુના હાથમાં સાવરણી લઇ ઘરમાં કચરો સાફ કરવાની શરૂઆત કરે ત્યાં બીજા પુત્રવધુ ભૂમીબેન હાથમાંથી સાવરણી લઇ સાસુમાને કહે, મમ્મી, આ શું કરો છો? રહેવા દો, હું છું ને કામ કરવા માટે? તમારે ઘરનું કોઇ કામ કરવાનું નહિ, આખી જિંદગી ઘણા ઢસરડા



**સાસુ-વહુના સંબંધોની મીઠાસ**

કર્યા છે હવે આરામ કરો. ઘરની જવાબદારી અમારી છે... અને સાસુમાને પરાણે બેસાડી દે છે. જે સાસુમાને આવી વહુઓ મળે તે સાસુના નશીબદાર તો ખરા જ પણ સાસુમાનું વર્તન પણ કેવું હશે જેથી વહુઓને સાસુમા પ્રત્યે આવી લાગણી થાય?

આ સાસુમા એટલે સેકટર-૩ડીમાં રહેતા સુમિત્રાબેન ભાવસાર તેઓ પોતે ગાંધીનગર શહેર મહિલા ભાજપ મોરચાના મહામંત્રી તરીકે સેવાઓ આપે છે, તેમજ મહિલા ભજનમંડળ, સેવા મંડળમાં સેવાઓ આપતાં ઘરનો સંપૂર્ણ કારભાર ત્રણ પુત્રવધુઓને સોંપી પોતે જનસેવામાં કાર્યરત રહે છે, તેમની મોટી પુત્રવધુ અમિતાબેન રાવલ આયુર્વેદિક ડોકટર છે. ડોકટર હોવાને કારણે દવાખાનામાં વધુ સમય આપવો પડતો હોઇ સાસુમા પ્રત્યે વિશેષ લાગણી હોવા છતાં તેમને મદદરૂપ ન થઇ શકે. દિવાબેન અને ભૂમીબેન કહે છે કે કોઇ કારણોવસાત અમે પિયર જઇએ પણ એકાદ બે દિવસમાં પરત આવી જઇએ કારણ કે સાસુમાં સાથે સત્સંગ ન કરીએ ત્યાં સુધી ચેન ન પડે.

સાસુમાનો પ્રેમાળ સ્વભાવ અમને સાસરે પરત આવવા મજબૂર કરે છે. સામાજિક પ્રસંગ હોય કે જ્ઞાતિના રીતરિવાજની વાત હોય, તો સૌ સાસુમાના નિર્ણયને શિરોમાન્ય ગણે છે. તેમનો પડ્યો બોલ ઝીલવામાં અમને આનંદ આવે છે. સાસુમા પણ ત્રણએ પુત્રવધુઓને દીકરીઓની જેમ સાચવી તેમના દાંપત્યજીવનમાં મેઘધનુષના રંગો પુરવા સતત પ્રયત્નશીલ રહે છે.

(અનુસંધાન પાના નં. ૩ પર)